Extra No. 216

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

### PUBLISHED BY AUTHORITY

**Vol. LXVI ] MONDAY, JUNE 23, 2025 / ASHADHA 2, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી જૂન, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગ-ના તારીખઃ ૧૯મી એપ્રિલ, ૨૦૨૫ ના જાહેરનામા ક્રમાંકઃ જીવીએન/૨૦૨૫/૦૭/આરસીટી/૧૪૧૯/૫૭૩/ડી.-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**આર. આર. સોલંકી,**

સરકારના નાયબ સચિવ.

**NOTIFICATION**

***Regarding***

**The Veterinary Officer, Class II, in the Gujarat State Services, Recruitment Rules, 2025**

**ગુજરાત રાજ્ય સેવામાં, પશુ ચિકિત્સા અધિકારી, વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૨૫ સંબંધી**

**જાહેરનામું**

**વન અને પર્યાવરણ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી એપ્રિલ, ૨૦૨૫

**ભારતનું સંવિધાન.**

**ક્રમાંકઃ જીવીએન/૨૦૨૫/૦૭/આરસીટી/૧૪૧૯/૫૭૩/ડી:** ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, અગ્ર મુખ્ય વન સંરક્ષક અને હેડ ઓફ ફોરેસ્ટ ફોર્સની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની ગુજરાત રાજ્ય સેવામાં, પશુ ચિકિત્સા અધિકારી, વર્ગ ૨-ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઇ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. (૧) આ નિયમો ગુજરાત રાજ્ય સેવામાં, પશુ ચિકિત્સા અધિકારી, વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે, રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

૨. અગ્ર મુખ્ય વન સંરક્ષક અને હેડ ઓફ ફોરેસ્ટ ફોર્સની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની ગુજરાત રાજ્ય સેવામાં, પશુ ચિકિત્સા અધિકારી, વર્ગ ૨-ની જગા ઉપરની નિમણૂક સીધી પસંદગીથી કરવી જોઇશે.

૩. નિયમ ૨-માં જણાવેલી જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૩૫ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર, અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે;

(ખ) ભારતમાં કેન્દ્રીય અથવા રાજય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઇપણ યુનિવર્સિટીમાંથી; અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ જાહેર થયા મુજબ યુનિવર્સિટી હોવાનું ગણાતી અથવા તે તરીકે માન્ય થયેલી અને ભારતીય પશુચિકિત્સા કાઉન્સિલ અધિનિયમ, ૧૯૮૪ હેઠળ માન્યતા મળેલી હોય તેવી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી પશુચિકિત્સા વિજ્ઞાન અને પશુપાલન (BVSc & AH)ની સ્નાતકની પદવી અથવા પશુચિકિત્સા વિજ્ઞાન (BVSc) ની સ્નાતકની પદવી અથવા ભારતીય પશુચિકિત્સા કાઉન્સિલ અધિનિયમ, ૧૯૮૪ની પહેલી અનુસૂચિ અથવા બીજી અનુસૂચિમાં સમાવિષ્ટ માન્ય થયેલી પશુચિકિત્સાની લાયકાત ધરાવતો હોવો જોઇશે;

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે; અને

(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

૪. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, નિમણૂકના સમયે પોતે એવી રીતે રજિસ્ટર થયેલ ન હોય, તો ભારતીય પશુચિકિત્સા કાઉન્સિલ અધિનિયમ, ૧૯૮૪ હેઠળ ગુજરાત પશુચિકિત્સા કાઉન્સિલ અથવા ભારતીય પશુચિકિત્સા કાઉન્સિલમાં પોતાનું રજિસ્ટ્રેશન કરાવવું જોઇશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, બે વર્ષની મુદત સુધી અજમાયશ ઉપર રહેવું જોઇશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, રાજપત્રિત અધિકારી પૂર્વ-સેવા તાલીમ અને પરીક્ષા નિયમો, ૧૯૭૦ની જોગવાઇઓ અનુસાર પૂર્વ-સેવા તાલીમ લેવાની રહેશે અને તાલીમાંત પરીક્ષા પાસ કરવાની રહેશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૮. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર હિન્દી અથવા ગુજરાતી અથવા તે બન્ને પરીક્ષા પાસ કરવાની રહેશે.

૯. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવાની રહેશે અને તેવી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૧૦. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમના અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**આસવ ગઢવી,**

સરકારના નાયબ સચિવ.

----------

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.07.10 22:02:30 +05:30
Reason: Validate Document
Location: Government Central Press,
Gandhinagar